# આપણે આમાંથી કંઈ સબક લઈશું?

**મુંબઈ:** એક તરફ *કોરોના*ને લઈને લોકો હજી મહદંશે ઘરમાં બંધ છે અને થોડેઘણે અંશે મૂંઝવણ સાથે જિંદગી જીવી રહ્યા છે ત્યારે બીજી તરફ અમુક લોકો એમની સર્જનાત્મકતાના માધ્યમથી પોતાની અને આસપાસના લોકોની નિરાશા દૂર કરી રહ્યા છે અથવા તો લોકોને કોઈ સંદેશ આપવાનું કામ કરી રહ્યા છે.

મુંબઈના ઉપનગર બોરીવલીમાં રહેતી કેયા સંઘવી નામે ૧૭ વર્ષની યુવતીએ પ્લાસ્ટર ઑફ પેરિસ (પીઓપી) તેમ જ પાઈન વૃક્ષનાં લાકડાંમાંથી છ ફૂટનું દીવાસળીનું બૉક્સ બનાવીને ઈન્સ્ટૉલ કર્યું છે. દીવાસળીના બૉક્સની એક તરફ મોબાઈલ ફોનનાં મોડેલ પણ બનાવીને મૂક્યાં છે. સાથે પાઈન વૃક્ષમાંથી બનાવેલી લાંબી દીવાસળીની કાંડી અને લીલી જાજમ પણ રાખવામાં આવી છે. દીવાસળી બૉક્સના આ મોડેલથી કેયા ટેક્નોલૉજી સાથેની આપણી મથામણ અને એના દ્વારા થઈ રહેલા મનુષ્યત્વના વિનાશને દર્શાવવા માગી રહી છે.

બારમા ધોરણમાં અભ્યાસ કરતી **કેયા સંઘવી** *ચિત્રલેખા*ને કહે છે કે આપણે લોકો એક તરફ ટેક્નોલૉજી તરફ ભાગી રહ્યાં-ખેંચાઈ રહ્યાં છીએ, જેને કારણે કુદરતી સંપત્તિનો નાશ થઈ રહ્યો છે. માનવીય સુખ માટે કુદરતનું નિકંદન નીકળી રહ્યું છે. આ દીવાસળી અને મોબાઈલ ફોન દ્વારા એ જ દર્શાવ્યું છે કે આર્થિક વિકાસ માટે સમગ્ર માનવજાત પૃથ્વીની સિસ્ટમને કઈ રીતે નષ્ટ કરી રહી છે. બૉક્સની સાઈડની દીવાલ પર લગાડેલા મોબાઈલના માધ્યમ દ્વારા અંતે તો બધું ધીરે ધીરે બળીને ખાખ થતાં માનવજાત લુપ્ત થઈ જશે એ દર્શાવવામાં આવ્યું છે અને લીલી જાજમ એ બતાવવા માટે રાખી છે કે અંતે તો ગમે એવી ટેક્નોલૉજીએ પણ કુદરતની પાસે જ જવું પડે.




**મોબાઈલ ફોન હોય કે બીજી કોઈ પણ ટેક્નોલૉજી, એનો વધુ પડતો ઉપયોગ કુદરતી સંપત્તિનો નાશ નોતરે છે.**

કેયા કહે છે કે બે વર્ષ પહેલાં હું તાન્ઝાનિયા ગઈ હતી ત્યારે મોબાઈલ ફોન સાથે રાખ્યો નહોતો. કુદરતને ખૂબ નજીકથી નિહાળી ત્યારે થયું ટેક્નોલૉજી વિના પણ અહીં કેટલું બધું સુખ છે. એ વિચારથી મને આ સામાજિક સંદેશ આપતું ઈન્સ્ટૉલેશન તૈયાર કરવાની પ્રેરણા મળી. કેયા એવો સંદેશ આપવા માગે છે કે ટેક્નોલૉજીનો ખપ પૂરતો ઉપયોગ કરો અને કુદરતનું સાચા દિલથી રખોપું કરો તો જ માનવજાત ટકી શકશે.

## લે-વેચ કરો લોકકાર્ટ પર...

**મુંબઈ:** સ્વદેશીનાં ગાજાં-વાજાંમાં *આઈઆઈટી-મુંબઈ*ના અમુક પ્રોફેસર-વિદ્યાર્થીઓએ મળીને *લોકકાર્ટ* નામની અનોખી મોબાઈલ ઍપ્લિકેશન (ઍપ) બનાવી છે. આ ઍપ થકી ખેડૂતો, કરિયાણાના વેપારીઓ અને ગ્રાહકો એકમેક સાથે જોડાઈને શાકભાજી, ફળ કે કરિયાણાની લે-વેચ કોઈ પણ વચેટિયાની સેવા લીધા વિના કરી શકે છે. એમાં દલાલ કે વચેટિયાની ભૂમિકા તો નથી એટલે વિક્રેતા-ગ્રાહક બન્ને માટે લાભનો સોદો છે.




આ ઍપના એક નિર્માણકર્તા *આઈઆઈટી-મુંબઈ*ના કમ્પ્યુટર સાયન્સના પ્રોફેસર **ડૉ. ગણેશ રામકૃષ્ણન્** *ચિત્રલેખા*ને કહે છેઃ

'ઍપ પર રજિસ્ટર કોઈ પણ વેચાણકર્તા કે ગ્રાહકના મોબાઈલ નંબરનો રેફરન્સ આપીને તમે એમાં રજિસ્ટ્રેશન કરાવી શકો છો. અમારી ઍપ પર અત્યારે ૨૦૦ વેન્ડર રજિસ્ટર્ડ છે. ઍપની વિશેષતા એ છે કે એક વાર તમારો ઑર્ડર પ્રોસેસ થાય પછી વેચાણકર્તા અને ખરીદદાર બન્ને માટે બિલ આપોઆપ જનરેટ થાય છે. એટલું જ નહીં, વેચાણકર્તાના માલસામાનની ઈન્વેન્ટરી પણ ઍપ પર રહે છે એટલે અમુક હદે એની એકાઉન્ટિંગની માથાકૂટ પણ ટળે છે.'

ઘણું કરીને સ્વદેશી, અહિંસા તથા સજીવ ખેતીની પ્રોડક્ટ્સને આ ઍપ પર વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે એમ જણાવીને ગણેશજી કહે છે કે ડિસ્કાઉન્ટ કે પ્રોડક્ટ કમ્પેરિઝનની સુવિધા અમે આપી નથી, કારણ કે સેલર અને બાયરનો વિશેષ સંબંધ બંધાય એવું અમે ઈચ્છીએ છીએ. ઍપનો લુક અને ઑપરેટિંગ અનેક ભાષામાં છે. ખેડૂતોને મળી એમની આવશ્યકતા અને અનુકૂળતા સમજીને અમે આ ઍપ બનાવી છે. આ સિવાય મશીન લર્નિંગ અને ડેટા ઍનાલિટિક્સના ઉપયોગથી આ ઍપ ગ્રાહક માટે વધુ ને વધુ ઉપયોગી બને એવા પ્રયત્ન પણ શરૂ કર્યા છે. કોઈ પણ સેલર અમારી સાથે જોડાવા માગતો હોય તો અમારી ટીમ એમને વિનામૂલ્યે મદદ કરે છે. અલબત્ત, અમુક ટ્રાન્ઝેક્શન પછી અમે વેચાણમૂલ્યનો એક ટકો ચાર્જ કરીએ છીએ. અમે ઍપમાં વૉલેટ ફીચર પણ મૂક્યું છે અને વિવિધ સરકારી એજન્સી સાથે પણ ટાઈઅપ કરી રહ્યા છીએ.

ડૉ. ગણેશ રામક્રિષ્ણન્ ઉપરાંત પ્રોફેસર અશ્વિન ગામી અને પ્રોફેસર એન.જી. શાહના માર્ગદર્શનમાં *પીએચ.ડી.*ના વિદ્યાર્થીઓએ બનાવેલી આ ઍપ્લિકેશનનું સંચાલન હવે *આઈઆઈટી*ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કંપનીને સોંપી દેવામાં આવ્યું છે. *ગૂગલ પ્લેસ્ટોર* પરથી આ ઍપ ડાઉનલોડ કરી શકાય છે.

વધુ માહિતી માટે ક્લિકઃ lokacart.com/